GJCU070027682025

સત્યમેव जयते

| | | | |
|---|---|---|---|
| પ્રાપ્તી તારીખ | ૧૩/૧૧/૨૦૨૫ | | |
| નોંધ્યા તારીખ | ૧૩/૧૧/૨૦૨૫ | | |
| ફેસલ તારીખ | ૨૪/૦૮/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૯ | ૦૫ |

ફોજદારી કેસ નં.૨૦૦૫/૨૦૨૫
આંક :-

# મે.એડી.ચીફ.જ્યુ.મેજીસ્ટ્રેટ સાહેબશ્રી યુ.ડી.જાંબુની કોર્ટ, બોડેલી

| | |
|---|---|
| **ફરિયાદી** | શ્રી સરકાર |
| **વિ....રુ....દ્ધ** | |
| **આરોપી** | **જયદિપભાઈ સુરતનભાઈ તડવી**<br>ઉ.વ. ૨૬, ધંધો. ખેતી<br>રહે. મોટા ફળીયા, ખાંટીયાવાટ,<br>તા. કવાંટ, જી. છોટાઉદેપુર |

**ગુન્હો:- ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧ મુજબ**

**રજુઆત**

**ફરિયાદી તર્ફે વિદ્વાન એપીપી શ્રી બી. એ. વસાવા**

**આરોપી તર્ફે વિદ્વાન વકીલ શ્રી એમ.જી. બારીયા**

# -::: ચુકાદો :::-

(૧) **ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,**

આ કામના આરોપીએ તા.૩૦-૦૩-૨૦૨૫ ના કલાક ૧૮:૧૦ વાગે બોડેલી ટાઉનમા સેવાસદન રોડ ઉપર પોતાના કબજા ભોગવટાની મોટરસાયકલ રજી નં.GJ-34-K-5116 ની બેદરકારી અને ગફલતભરી રીતે પોતાનો તેમજ રાહદારીનો જીવ જોખમાય તે રીતે પુરઝડપે હંકારી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧ મુજબ નો ગુન્હો કરેલ હોય, બોડેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ આ કામના આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતાં અત્રેની અદાલતમાં તે મુજબ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) હાલના ગુનાના કામે તપાસ કરનાર અધિકારીએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોધી તેમજ જરૂરી પુરાવા એકત્ર કરી આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતાં ના.કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૩) આરોપીને સમન્સ કાઢતાં તેઓ કોર્ટ સમક્ષ હાજર થયેલ છે અને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૨૭ મુજબ આરોપીને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ **આંક-૦૪** થી તેઓની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે જેમાં તેઓએ ગુનાનો ઈન્કાર કરી કેસમાં બચાવ કરવાની માગણી કરેલ છે.

(૪) ફરિયાદપક્ષે આરોપી વિરુધ્ધ નો ગુનો પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ રાખેલ છે.

**-::: મૌખિક પુરાવો :::-**

| અ.નં | આંક | પુરાવાની વિગત |
|---|---|---|
| ૧ | ૦૬ | પંચ અંકેશભાઈ નારણભાઈ ની જુબાની |

| | | |
|---|---|---|
| ૨ | ૧૦ | પંચ મહેન્દ્રભાઈ બાબુભાઈની જુબાની |
| ૩ | ૧૨ | ફરીયાદી અર્જુનભાઈ સીમલીયાભાઈની જુબાની |

**-: દસ્તાવેજી પુરાવો :-**

| અ.નં | આંક | પુરાવાની વિગત |
|---|---|---|
| ૧ | ૦૭ | આરોપીની શરીરસ્થિતિનું પંચનામુ |
| ૨ | ૧૩ | ફરિયાદ |

(૫) આ સિવાય ફરિયાદપક્ષે વિશેષ કોઈ પુરાવો રજુ થયો નથી. ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવા રાખવામાં આવેલ, પરંતુ આરોપી હાજર ન રહેતા આરોપીના વિશેષ નિવેદનનો હકક બંધ કરેલ છે.

(૬) ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી બી.એ. વસાવા તેમજ આરોપીપક્ષે વિ.વ.શ્રી આર.એમ.ભીલની વિગતવાર દલીલો સાંભળી.

(૭) ઉપરોકત હકીકતે આ કેસની ઈન્સાફી કાર્યવાહીના ન્યાયીક નિર્ણય માટે નીચેનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**::: મુદ્દાઓ :::**

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપી એ તા.૩૦-૦૩-૨૦૨૫ ના કલાક ૧૮:૧૦ વાગે બોડેલી ટાઉનમા સેવાસદન રોડ ઉપર પોતાના કબજા ભોગવટાની મોટરસાયકલ રજી નં.GJ-34-K-5116 ની બેદરકારી અને ગફલતભરી રીતે પોતાનો તેમજ રાહદારીનો જીવ જોખમાય

તે રીતે પુરઝડપે હંકારી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૮)** ઉપરોકત મુદ્દાઓનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**મુદ્દા નં. ૧ તથા ૨ ની સંયુકત ચર્ચા**

**(૯)** ઉપરોકત મુદ્દા એકબીજા સાથે પરસ્પર સંકળાયેલ હોઈ, આ બંને મદ્દાના કારણોની ચર્ચા પુનરાવર્તન ટાળવાના હેતુથી એકસાથે નીચે મુજબ કરવામાં આવેલ છે.

**(૧૦)** આ કામે ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરીએ તે પહેલા પુરાવાના મૂલ્યાંકન વિશેના જે પ્રસ્થાપિત સિધ્ધાંતો છે તે જોઈએ તો ભારતીય ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો મુજબ આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષ ઉપર હોય છે.

**(૧૧)** આ કામના આરોપી વિરુધ્ધ આક્ષેપીત કલમ–૨૮૧ તેમજ તેના મહત્વના તત્વો ધ્યાને રાખી ફરિયાદપક્ષે રજુ પુરાવા વંચાણે લેતા,

**૧૧.૧** ફરિયાદપક્ષે આ કામે મહત્વના કહી શકાય તેવા ગુનામાં સંડોવાયેલ વાહનના પંચનામા ના **પંચ–અંકેશભાઈ નારણભાઈને આંક–૬ થી તેમજ પંચ –મહેન્દ્રભાઈ બાબુભાઈ**ને **આંક–૧૦** થી સોંગદ ઉપર તપાસવા માં આવેલા છે. તેઓ આ કામે કરવામાં આવેલ આરોપીની શરીરસ્થિતિ બાબતના પંચનામાના પંચ સાહેદો છે. પરંતુ આ પંચ સાહેદોએ તેમની જુબાની દરમ્યાન પોલીસના કહેવાથી તૈયાર લખેલ પંચનામાઓમાં સહીઓ કરેલાની હકીકત જણાવેલ છે, અને પંચનામુ **આંક–૭** થી પુરાવામાં રજુ કરેલ છે. પરંતુ પંચનામાની અન્ય મહત્વની હકીકતો ને લેશમાત્ર સમર્થન કરેલ નથી. જેથી ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી

ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલ તેમ છતાં પંચ સાહેદોએ ફરિયાદ પક્ષને સમર્થન કરેલ નથી. આમ, ફરિયાદપક્ષે મહત્વનું પંચનામુ પુરવાર થયેલ નથી.

**૧૧.૨.** ફરિયાદપક્ષે **આંક–૧૨** થી **ફરીયાદી–અર્જુનભાઈ સીમલીયાભાઈ** ને સોગંધ પર તપાસવામા આવેલા છે. તેઓએ જુબાની દરમ્યાન મુખ્યત્વે જણાવેલ છે કે, તા.૩૦/૦૩/૨૦૨૫ ના રોજ તેઓ તથા પોલીસ સ્ટાફના માણસો બોડેલી અલીપુરા ચોકડી પાસે વાહન ચેકીંગમા હતા ત્યારે સેવાસદન રોડ તરફથી એક મો.સા. રજી નં. જીજે ૩૪ જે ૫૦૦૪ જાહેર રોડ ઉપર પુર ઝડપે અને ગફલત ભરી રીતે આવતુ હોય, તેને તેઓએ ઉભુ રાખેલુ ત્યાર બાદ નજીકમાંથી બે પંચોના માણસોને બોલાવી તેનુ નામ ઠામ પુછતા તેણે પોતાનુ નામ જયદીપભાઈ સુરતાનભાઈ તડવી જણાવેલુ. બનાવ અંગે ફરીયાદીએ ફરીયાદ આપેલી, જેમાં પોતાની સહી ઓળખી બતાવી ફરિયાદ આંક–૧૩ થી પુરાવામાં રજુ રાખેલ છે. તેમજ વધુમાં જણાવ્યુ છે કે, સદર કામની તપાસ તેઓને સોંપતા તેઓએ સંભાળી લીધેલી અને લાગતાવળગતા સાહેદોના નિવેદનો લીધેલા, આરોપીની શરીર સ્થીતીનુ પંચનામુ કરેલુ, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ના. કોર્ટમા ચાર્જશીટ કરેલુ.

બચાવપક્ષે ફરીયાદીની વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં તેઓ સ્વીકારે છે કે, બનાવવાળો વિસ્તાર ભરચક છે અને ત્યાં ટ્રાફીકની અવર જવર રહે છે.

**(૧૨)** આમ, ફરિયાદપક્ષે રજુ તમામ સાહેદોની જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવે તો, ફરિયાદપક્ષે ફરીયાદી/ તપાસ કરનારે ફરિયાદ અને તપાસ મુજબ જુબાની આપેલ છે, પરંતુ, તે જુબાનીને સમર્થન કરતો અન્ય કોઈ પુરાવો આ કામે ફરિયાદપક્ષે રજુ થયેલ નથી. ગુનાવાળી જગ્યા જાહેર જગ્યા છે તેમ છતાં કોઈ સ્વતંત્ર સાહેદોનાં નિવેદન લીધેલ નથી. હાલના કામે તપાસેલ પંચ સાહેદોએ પંચનામાની વિગતોને લેશમાત્ર સમર્થન કરેલ નથી. ફરિયાદ નોંધતા અગાઉ પંચોની હાજરીમાં પંચનામુ કરેલ હોવા છતાં પંચનામામાં કોઈ પંચ સાહેદોના

નામઠામ જણાવેલ નથી. આમ, હાલના બનાવમાં આરોપી એ બનાવ સમયે તેમના કબજા હવાલાનું વાહન પુરઝડપે, ગફલતભરી, બેદરકારી રીતે, અથવા તો મનુષ્યનું જીવન જોખમાય તેવી રીતે ચલાવેલ હોય તેવો કોઈ વિશ્વાસપાત્ર પુરાવો આ કામે રજુ થયેલ નથી. હાલના આધુનિક યુગમાં જો ફરિયાદપક્ષ ધારે તો કોઈ યાંત્રિક સાધનની મદદથી આરોપીના વાહનની ઝડપ રેકર્ડ પર લાવી શકયા હોત. માત્ર ફરિયાદમાં પુરઝડપે અને બેદરકારીના આક્ષેપ માત્રથી આરોપીને સજા કરવી યોગ્ય નથી. આમ, ફરિયાદપક્ષના પુરાવાથી આરોપી વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબના કોઈ મહત્વના તત્વો રેકર્ડ ઉપર સાબિત થયેલ નથી, જેથી આરોપી ને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૩)** આમ, ઉપરોકત રજુ થયેલ પુરાવાઓ સંયુકત રીતે વંચાણે લેતાં, ફરિયાદપક્ષ આરોપી સામેના આક્ષેપીત કલમો મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ સંજોગોમાં મુદ્દા નં.૧ નો નિર્ણય **નકાર**માં ઠરાવી, મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

# ::: હુ ક મ :::

**૧.** આ કામના તહોમતદાર–જયદિપભાઈ સુરતનભાઈ તડવી રહે. મોટા ફળીયા, ખાંટીયાવાટ, તા.કવાંટ, જી.છોટાઉદેપુરને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૭૮(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ ''**નિર્દોષ**'' ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૮૧ અન્વયે આરોપીના જામીન તથા બોન્ડ છ માસના અપીલ સમય માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૪ મી, માહે–ઓગષ્ટ, સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

**તા.૨૪/૦૮/૨૦૨૬**
**સ્થળ : બોડેલી**

**( ઉત્પલકુમાર ડી. જાંબુ )**
**એડી.ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ,**
**બોડેલી**
**JUDGE CODE GJ01463**

//ARIF//